Indian Journal of Social Sciences and Literature Studies ISSN 2349-5634 (Print) ISSN 2455-0973(Online) Vol. 2 Issue 2
A peer reviewed refereed international Journal Impact Factor 3.12
© Contemporary Research Publication

# ઐતિહાસિક સ્મારક દાંડીઃ રાષ્ટ્રીય ચળવળનું પ્રતિકઃ-

મુંજપરા વિનોદકુમાર બી.
**(M.A., GSLET, Ph.D. Conti…)**

### (૧) દાંડીકૂચની પૂર્વભૂમિકાઃ-

ઇ.સ.૧૯૨૯માં લાહોરમાં કોંગ્રેસનું અધિવેશન મળ્યું. સ્વરાજ્ય માટેની લડત લડનારી દેશની મુખ્ય સંસ્થા કોંગ્રેસ હતી. આ અધિવેશનમાં 'પૂર્ણ સ્વરાજ્ય' મેળવવાનો ઠરાવ પસાર થયો અને તે માટેની લડતનો દોર ગાંધીજીના હાથમાં સોંપાયો. આ ઠરાવથી દેશની આઝાદી માટેની લડતની સર્વસત્તા ગાંધીજીને સોંપાઇ હતી.

ગાંધીજીએ દાંડીકૂચ આરંભતા પહેલા અથવા ન આરંભવી પડે તે માટે વાઇસરોપ લોર્ડ ઇર્વિનને લખેલો પત્ર વાઇસરોપે આપેલ તેનો ઉત્તર એ જવાબ પર વળી પાછી ગાંધીજીની ટિપ્પણી અને છેવટે દાંડીકૂચના બે દિવસ પહેલા ગાંધીજીએ પ્રાર્થના સમયે કરેલ ઉદ્દબોધન... ત્રણેયના સંકલનરૂપ આ લેખ દાંડીકૂચ માત્ર મીઠાનો કરવેરો નાબૂદ કરવા માટેની કૂચ નહી પણ અંગ્રેજ સરકારનો હ્રદયપલટો કરવા માટેની મથામણ અને સ્વરાજ્ય પ્રાપ્ત કરવાનો પ્રયાસ હતો. આ અંગે આંકડાકીય વિગત માત્ર એટલી કે મીઠાપર લાગુ પડાયેલા કરનો વધારો પાંચ-પંદર-પચ્ચીસ-પચાસ કે સો-બસ્સો ટકા નહી પરંતુ ૨૪૦૦% નો હતો. આ નમક વેરાથી સરકારની તિજોરીમાં ૬ કરોડ રૂપિયા જમાં થતા હતા. ગરીબ, તવંગર, બુઢ્ઢા-બચ્ચા, પ્રાણીઓ સુધ્ધાને મીઠા વગર ન ચાલે એટલે મીઠા ઉપરનો વેરો દરેકને લાગુ પડતો હતો. દેશના તમામ લોકોને સીધી રીતે લાગુ પડે તેવો મુદ્દો ગાંધીજીએ પસંદ કર્યો હતો અને સ્વરાજ્યની લડત માટે મીઠા પરના વેરાની નાબૂદી નમક સત્યાગ્રહ કરવાનું એલાન કર્યું હતું.

### (૨) દાંડી સ્થળની પસંદગીઃ-

સત્યાગ્રહનો પ્રારંભ સાબરમતી આશ્રમથી ગાંધીજી પોતાના ૮૧ સૈનિકો સાથે નીકળીને કરે તેમ નક્કી થયું હતું. આ કૂચ ખેડા જિલ્લાના બોરસદ તાલુકાના મહીકાંઠા પર આવેલા બદલપુર સુધી લઇ જઇ ત્યાં અગ્નિથી દરિયાનું પાણી ઉકાળી તેમાંથી મીઠું બનાવવાની યોજના વિચારાઇ પણ સુરતના કાર્યકર્તા કલ્યાણજીભાઈ મહેતાના સૂચન અને આગ્રહથી સત્યાગ્રહી કૂચને સુરત જિલ્લાને વીંધીને દરિયાકિનારે લઇ જવાનું નક્કી થયું. પસંદગી સમિતીએ તીથલ, ધરાસણા, લસુંદા, કરાડી અને દાંડી નામના સ્થળો સૂચવ્યા હતા. તેમાંથી 'દાંડી' સ્થળ પર પસંદગી ઉતારવામાં આવી. બારડોલીના સત્યાગ્રહને કારણે સુરત જિલ્લામાં કાર્યકરોની મોટી ફૌજ હતી. દાંડી સુધીની લાંબી યાત્રાથી દેશભરમાં આંદોલનને પ્રસરાવવા માટે પુરતો સમય પણ મળી રહેતો જણાયો. આ બધા કારણોને ધ્યાનમાં રાખીને 'દાંડી' ની પસંદગી થઇ હતી.

"દસપાઇના મીઠા ઉપર ૨૦૦ પાઇની જકાત નાખી સરકાર ગરીબમાં ગરીબ માણસને પણ નીચોવી લે છે. તેથી મીઠા જેવી સૌની જીવન જરૂરીયાતની ચીજ માટેની આ અમાનુષી ઇજારા પધ્ધતિ સામે મીઠાના અગર ઉપર હલ્લો લઇ જવાનો હું વિચાર કરી રહ્યો છું." એવી ગાંધીજીએ જાહેરાત કરી હતી.

ગાંધીજીએ શા માટે દાંડીને જ સત્યાગ્રહ માટે પસંદ કર્યું ? આ પ્રશ્નનો જવાબ આપતાં ગાંધીજીએ કહ્યું હતું કે "દાંડીની પસંદગી મનુષ્યની નથી પણ ઇશ્વરની જ છે. જ્યાં અનાજ ન મળે, જ્યાં પાણીના અભાવનો ભય હોય, જ્યાં હજારો માણસો અગવડતાથી આવી શકે, જ્યાં પહોંચવા માટે સ્ટેશનથી દસ માઇલ ચાલવું પડતું હોય, પગપાળે આવનારને કાદવ-કીચડથી ભરેલી ખાડી ઓળંગવી પડતી હોય એવી ખૂણે પડેલી જગ્યાએ સત્યાગ્રહનો મોરચો કેમ મંગાતો હશે ? પણ સાચી વાતતો એ છે કે આ લડત જ સહન કરવાની છે ગરીબ વર્ગના દ્રષ્ટિબિંદુથી આ કાયદો 'નમક કાયદો' મને સૌથી અન્યાયી લાગ્યો છે. હિંદુસ્તાનમાં ત્રીસ કરોડ લોકો દુઃખથી ઘેરાઇ ગયા છે. આ રાજતંત્રરૂપી